**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૭ ડીગ્રી
લઘુતમ : ૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૩૬ ટકા

# ‘સર્વ ધર્મમાં માત્ર ‘રાષ્ટ્ર ધર્મ’ જ સર્વોપરી’

## આંદોલન કરવા હોય તો શહીદ જવાનોના પરિવારો માટે કરો : સમાજ સેવા અને પર્યાવરણ જાળવણી પણ દેશસેવા જ છે : પ્રજાસત્તાક પર્વે ગાંધીનગરના યુવાનોએ સમજાવી દેશભકિતની વ્યાખ્યા

ગાંધીનગર, તા.૨૫

સમગ્ર રાષ્ટ્ર ૬૯મો પ્રજાસત્તાક દિન ઉજવવા જઈ રહ્યું છે, ભારત વિશ્વમાં સૌથી વધુ યુવા નાગરિકતા ધરાવતો દેશ છે પરંતુ આ દેશના યુવાનો પર ‘સીઝનલ દેશભકિત’નો આરોપ વારંવાર લાગી રહ્યો છે. શું આજના સ્પર્ધાના યુગમાં યુવાનોની રાષ્ટ્રભકિત માત્ર સોશ્યલ મિડિયા પરના ‘સ્ટેટસ’ પુરતી મર્યાદિત છે? શું આજના યુવાનો પ્રજાસત્તાક દિન કે સ્વાતંત્ર્ય દિનને માત્ર એક ‘રજા’ ગણે છે? ખરેખર રાષ્ટ્રભકિત અંગે શહેરના યુવાનો શું વિચારે છે તે જાણવા ગાંધીનગરે પ્રયાસ કર્યો હતો જે અત્રે સંક્ષિપ્ત સ્વરૂપે પ્રસ્તુત છે.

● એક યુવા તરીકે હું માનું છું કે અમે યુવાનો દેશની ઓછામાં ઓછી એક જરૂરિયાતમંદ વર્ગની વ્યકિતને ખોરાક, કપડાં કે રહેઠાણની તેમની જરૂરિયાત પુરી પાડી શકીએ તો તે પણ એક પ્રકારની દેશભકિત જ છે. હું માનું છું કે રાષ્ટ્ર તેના નાગરિકો થકી રચાયેલા સારા સમાજથી જ બને છે.



**- સંધ્યા વ્યાસ**

● આજના યુવાનો માટે દેશભકિત સોશયલ મિડિયા પુરતી સિમિત બની ગઈ છે. ટૂંકા ગાળાની આ દેશભકિતમાં જોમ-જુસ્સો ઓછો જણાય છે. દેશભકિત માત્ર સરહદ પર જ નથી થતી પરંતુ વૃક્ષોના જતન, ગરીબોની મદદ કે અન્ય રીતે દેશ, સમાજ કે નાગરિકોની સેવા થકી થઈ શકે છે.



**- શિવાંગ પટેલ**

● આજે હકીકતમાં ખેડૂતો તથા શહીદ જવાનો પરિવારોના હક્ક માટે આંદોલનની જરૂર છે પરંતુ દેશમાં આંદોલનો કંઈક બીજા માટે જ થાય છે. માત્ર રાષ્ટ્રીય પર્વ કે ક્રિકેટ મેચના સમયે જ ઉભરતી દેશભકિત એ સાચી દેશભકિત ના કહેવાય સાચી દેશભકિત સમાજસેવામાં રહેલી છે, દેશના વીર જવાનોની, ખેડૂતોની સેવામાં રહેલી છે.



**- યશ ચૌધરી**

● જે રીતે દેશ સ્વતંત્ર થયો છે તે રીતે આપણા વિચારો પણ સ્વતંત્ર કરવાની જરૂર છે આજના સમયમાં દરેક પોતાના સમાજ માટે લડી રહ્યા છે પરંતુ હકીકતમાં આપણે એક સારા રાષ્ટ્રના નિર્માણ માટે લડવું જોઈએ. દેશના સુવર્ણ ઐતિહાસિક વારસાને યાદ કરી તેને વિશ્વનું શ્રેષ્ઠ રાષ્ટ્ર બનાવવા જવાબદારી ઉઠાવીએ.



**- રાજન ત્રિવેદી**



● યુવાનોની દેશભકિત આક્રમક અને ઝનુની હોય છે. આજના યુવાનોને યોગ્ય માર્ગદર્શન પુરું પાડવામાં આવે તો રાષ્ટ્ર કલ્યાણ માટે જાત ન્યોછાવર કરતા અચકાય તેમ નથી. યુવાનોને યોગ્ય દિશા મળી જાય એટલે તેઓ દેશનું નામ રોશન કરવા સક્ષમ જ છે.

**- જૈમિન પટેલ**

● મારા મતે દેશભકિત એક ધર્મ છે જે અન્ય તમામ ધર્મ કરતા સર્વોપરી છે. એક ભારતીય તરીકે આપણો માત્ર એક જ ધર્મ હોવો જોઈએ અને તે છે ‘વિવિધતામાં એકતા.’



**- નિશા ડાભી**

● ‘સરહદે આપણા જવાનો રોજ શહીદ થઈ રહ્યા છે ત્યારે કોઈને દેશભકિત યાદ આવતી નથી અને માત્ર ૨૬મી જાન્યુઆરી કે ૧૫મી ઓગસ્ટે જ રાષ્ટ્રભકિતના પુર ઉમટી આવે છે. દેશમાં ઘણા આંદોલન થઈ રહ્યા છે ત્યારે આ શહીદ જવાનોના પરિવારો માટે કેમ આંદોલન થતા નથી?’



**- પ્રેમલ ચૌધરી**



● હું મારા રાષ્ટ્રને ચાહું છું અને આ લાગણી સર્વશ્રેષ્ઠ લાગણી છે. આપણું રાષ્ટ્ર શાંતિ પ્રેમી અને લોકશાહીના મૂલ્યો ધરાવતું રાષ્ટ્ર છે. ભારતની ‘વસુધૈવ કુટુંમ્બકમ’ની ભાવના સમગ્ર વિશ્વમાં તેને અનોખું અને શ્રેષ્ઠ બનાવે છે.

**- સોહમ વ્યાસ**

● હું મારા દેશના સૈનિકો અને ખેડૂતો માટે ખૂબ સન્માનની લાગણી અનુભવું છું. મારા મતે હું સૌ પ્રથમ ભારતીય છું, મારો ધર્મ અને મારી જ્ઞાતિ તે પછી આવે છે. રાષ્ટ્રધર્મથી સર્વોપરી બીજું કંઈ નથી.



**- ૠષિ દવે**

# પોલિસ અકાદમી કરાઈ ખાતે એક યુવતીનો ગળે ફાંસો

## નભોઈ કેનાલમાં એક યુવાન અને સે-૩૦ પાસે સાબરમતી નદીના પુલ પરથી એક યુવાનની મોતની છલાંગ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીકના અલગ અલગ ત્રણ વિસ્તારોમાં આપઘાતના ત્રણ બનાવો બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે. પોલિસ અકાદમી કરાઈ ખાતે સ્વીપર તરીકે ફરજ બજાવતી યુવતીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો તો બીજી તરફ નભોઈ કેનાલ અને સે-૩૦ પાસે સાબરમતી નદીમાં ઝંપલાવી યુવાનના આપઘાતના બનાવો ધ્યાને આવ્યા છે જે બંને યુવાનોની પાણીમાં શોધખોળ ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ ગુજરાત રાજય પોલિસ અકાદમી કરાઈ ખાતે એમ.ટી. વિભાગમાં આઉટ સોર્સીંગ એજન્સીમાં સફાઈ કામદાર તરીકે કામ કરતી ૧૯ વર્ષીય યુવતી રંજીતાબેને કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લઈ જીવનલીલા સંકેલી નાંખી હતી. ડભોડા પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે તો બીજી તરફ નભોઈ નર્મદા કેનાલમાં એક અજાણ્યા યુવાને ઝંપલાવ્યુ હોવાનો કૉલ મળતા ફાયરબ્રિગેડ અને પોલિસ દ્વારા ૨૪ કલાકથી પાણીમાં શોધખોળ કરવામાં આવી રહી છે. તે ઉરાંતત ગઈ કાલે સવારે સે-૩૦ થી ચિલોડા જતા રોડ પર સાબરમતી નદીના પુલ પાસે બાઈક મુકી એક યુવાને પુલ પરથી નદીમાં છલાંગ લગાવી દીધી હતી. આ યુવાનની શોધખોળ પણ ચાલી રહી છે. જો કે કેનાલ અને નદીમાં છલાંગ લગાવનાર બંને યુવાનના હજુ સુધી કોઈ સગડ મળ્યા નથી. પોલિસ અને ફાયરબ્રિગેડ દ્વારા શોધખોળ જારી છે.

# શહેરની ત્રિદલ સંસ્થાની શ્રધ્ધાંજલિ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૫

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી ‘ત્રિદલ’ સંસ્થાની જાન્યુઆરી માસની બેઠક ૨૮મી જાન્યુઆરીને રવિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે નયન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે મળશે. આ બેઠકમાં તાજેતરમાં અવસાન પામેલા કવિ-વાર્તાકાર સ્વ. ઉજમશી પરમાર અને સ્વ. શંભુપ્રસાદ ભટ્ટને જાણીતા સાહિત્યકાર કવિ હરિકૃષ્ણ પાઠક દ્વારા સાહિત્યિક શ્રધ્ધાંજલિ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં સૌ ભાવકો અને સર્જકોને ઉપસ્થિત રહેવા માટે ત્રિદલ સંસ્થા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઈજાગ્રસ્ત યુવાનની વ્હારે નગર સેવક



ગાંધીનગરથી સરખેજ જવાના માર્ગ પર સરગાસણ પાસે આવેલ કાંસની લોખંડની ગ્રીલ સાથે રાતના સુમારે બાઈક ચાલક અથડાઈને નીચે કાંસમાં પટકાયો હતો. રાત્રીના અંધકારમાં યુવાન નીચે પટકાતા તેને ઈજા પહોંચી હતી. આ ઈજા પામેલ યુવાનને બહાર કાઢવો મુશ્કેલ લાગતું હતું. અકસ્માતને પગલે મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. ત્યારે ગાંધીનગરથી અમદાવાદ જઈ રહેલા ગાંધીનગર મનપાના વોર્ડ નં-૬ ના કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘરે અકસ્માતને પગલે ગાડી થોભાવી હતી અને નીચે ઉતરીને જોતા નીચે દર્દથી કણસી રહેલો યુવક મદદ માંગી રહ્યો હતો પરંતુ નીચે કાંસમાં ઉતરવા કોઈ તૈયાર ન હોતું. ત્યારે નગર સેવક કંઈ પણ વિચાર કર્યા વગર કાંસમાં કુદયા હતા અને ગણતરીની મિનીટોમાં ઈજાગ્રસ્ત યુવાનને દુખાવો ન થાય તે રીતે પોતાના મજબુત ખભા પર તેડીને કાંસમાંથી બહાર આવ્યા હતા અને તે સમયે આવી પહોંચેલી ૧૦૮માં સારવાર માટે મોકલી આપ્યો હતો. નગરસેવકની કામગીરીને સૌ નાગરીકોએ બિરદાવી હતી. યુવાન ગાંધીનગર નોકરી કરીને ખોરજ ગામ જઈ રહ્યો હતો તે સમયે અકસ્માત સર્જાયો હતો.

# બીબીએ કોલેજ ખાતે રેડક્રોસ દ્વારા ૨૨૭ વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કૉલેજ દર વર્ષે વિદ્યાર્થીઓના હિતમાં અનેક પ્રવૃતિઓ કરે છે. જેમાં હિમોગ્લોબીન ટેસ્ટ તેમજ થેલેસેમિયા ટેસ્ટ જેવી વિદ્યાર્થીઓના સ્વાસ્થયને ધ્યાનમાં રાખીને ઉપયોગી પ્રવૃતિઓ કરવામાં આવે છે. થેલેસેમિયાનો ટેસ્ટ વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે. કારણ કે આપણે જાણીએ છીએ કે માઈનોર થેલેસેમિયા વાળી વ્યક્તિનું લગ્ન અન્ય માઈનોર થેલેસેમિયા ધરાવતી વ્યક્તિ સાથે થાય તો મેજર થેલેસેમિયાની સંભાવના વાળું બાળક જન્મે છે અને આવા બાળકને નિયમિત રીતે રક્તની જરૂર પડે છે. તેમજ તેને સ્વાથ્યને લગતા અનેક પ્રશ્નો ઉભા થાય છે. માટે વૈવાહિક જીવન પહેલા થેલેસેમિયાનો ટેસ્ટ જરૂરી છે. આ બાબતની ગંભીરતા સમજી કોલેજ દર વર્ષે નવા પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરાવે છે. આ વખતે ફિલ્ડ મેનેજર જયેશ સોલંકી દ્વારા કોલેજને સહકાર આપવામાં આવ્યો હતો.




સમગ્ર કાર્યક્રમ પ્રવૃત્તિ કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્રો.મેથ્યુ જોહન તેમજ પ્રો. જાનકી દવે દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

# હું તમારો ધારાસભ્ય નહી, મિત્ર છું : ડો. સી.જે. ચાવડા

## વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાનો અભિવાદન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

‘હું તમારો ધારાસભ્ય નહી, તમારો મિત્ર છું, જયારે મને યાદ કરશો ત્યારે આવી જઈશ.’ આ હૈયાધારણ જયારે ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આપી ત્યારે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિના સભ્યોએ તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. બુધવારે રાત્રે વાવોલની શાંતિવન સોસાયટીના પ્રાંગણમાં વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના અભિવાદનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તેમની સાથે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, વાવોલના પૂર્વ સરપંચ તથા રાજપૂત અગ્રણી વિક્રમસિંહ ગોલ, જિલ્લા પંચાયત સદસ્ય જે.ડી. ચારેલ ઉપરાંત કુબેરસિંહ ગોલ સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વાવોલ વિસ્તાર



વિકાસ સમિતિ દ્વારા ડૉ. ચાવડાને અંબે માતાનો ફોટો શુભેચ્છા ભેટ સ્વરૂપે આપવામાં આવ્યો હતો.

ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યું હતું કે પહેલા ગાંધીનગર વિધાનસભા ક્ષેત્રમાં એક જ બેઠક હતી પરંતુ હવે બે બેઠક છે જેમાં મારા ફાળે ૧૪ ગામ આવે છે જેથી હું પુરતો સમય આપી શકીશ આ સાથે તેમણે જણાવ્યું હતું કે તમે કેટલો સમય સત્તા પર રહો છો તે નહી પરંતુ કેવું શાસન કરો છો, સમાજને કેટલા ઉપયોગી થાવ છો તે મહત્વનું છે. વાવોલના સોસાયટી વિસ્તારના રહીશોને સંબોધતા ડૉ. ચાવડાએ કહ્યું હતું કે તમે જયારે ઈચ્છો ત્યારે તમારી કોઈ પણ સમસ્યા અંગે રજૂઆત કરવા મને મળવા આવી શકો છો. ‘હું વિધાનસભા હોઈશ ત્યારે મારો સમય રાજયના નાગિરકો માટે અને બાકીનો સમય મારા મતક્ષેત્રના નાગરિકો માટે જ છે.’ ડૉ. ચાવડાના અભિવાદન કાર્યક્રમના પ્રારંભે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ જણાવ્યું હતું કે ‘વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ ખુબ સારું કાર્ય કરી રહી છે, જયારે પણ તમારે મારો સહકાર જોઈએ ત્યારે કહેજો હું હંમેશા આપને મદદરૂપ થવા તત્પર રહીશ.’

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા આયોજિત ડૉ. સી.જે. ચાવડાના સન્માન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સોસાયટીના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંજયભાઈ પંડયાએ કર્યું હતું. જયારે સ્વાગત પ્રવચન રાકેશભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમના સમાપને સુરેશભાઈ પટેલે આભારદર્શન વ્યકત કર્યું હતું.



ગાંધીનગરના સેકટર-૭-બી ખાતે શ્રી રામ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથામાં વકતા વિષ્ણુ મહારાજ ભાવિક ભકતોને કથાના અમૃતનું રસપાન કરાવી રહ્યા છે. સે-૭ સહિત આસપાસના અનેક સેકટરોમાંથી ધાર્મિક શ્રધ્ધાળુઓ દૂર દૂરથી આવીને રામકથાનો લાભ લઈ રહ્યા છે.

# સમસ્ત બ્રહ્મસમાજ આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોમાં પ્રવેશજોગ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવામાં આવશે. આ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે તે માટે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓના નિયમિત વર્ગોની શરૂઆત ૨૭મી જાન્યુઆરીથી કરવામાં આવશે. આ વર્ગોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ બપોરે ૧.૩૦ થી ૩.૩૦ કલાક દરમિયાન શ્રી સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મભવન, સે-૧૬ ખાતે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ વર્ગોમાં રસ ધરાવતા ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર, કાયમી સરનામાનું પ્રુફ, ગ્રેજયુએશનની માર્કશીટ અથવા છેલ્લા પાસ કરેલા સેમેસ્ટરની માર્કશીટ, પાસપોર્ટ સાઈઝ ફોટા સાથેના જરુરી કાગળો વગેરે સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારોને જ નિયમિત વર્ગોમાં પ્રવેશ આપવામાં આવશે. વધુ માહિતી માટે નરેન્દ્ર વ્યાસને ફોન નં. ૯૮૯૮૦૩૨૬૫૯ ઉપર સંપર્ક કરી શકાશે.

## @ગાંધીનગર

● મા મેલડી ગરબા મંડળના મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો મીનાબેન આનંદ પ્લોટ નં. ૫૧૮/૧, સેકટર-૪-બી ખાતે બપોરે બે કલાકે યોજાશે.

● શ્રી દશનામ ગોસ્વામી સમાજ દ્વારા શહેરમાં વસતા સમાજના તમામ પરિવાર માટે સુંદરધામ પરિવાર અને જિલ્લા શંભુદડ યુવા બ્રિગેડ દ્વારા વિના મુલ્યે કેલેન્ડર વિતરણ સાંજે ૫ થી ૬.૩૦ દરમિયાન નવરાત્રી મેદાન સે-૨૨ ખાતે વિતરણ કરવામાં આવશે.

● ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી સવારે ૯.૩૦ કલાકે મેયર પ્રવિણભાઈ પટેલના હસ્તે બહુમાળી ભવન સે-૧૧ ખાતે કરાશે.

● જાગૃત વસાહત ફોરમ ગાંધીનગર અને ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે ગુપ્તા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની સામે સે-૧૪ ખાતે કરાશે.

● ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજીના વિદ્યાર્થીઓ દ્વારા ઈકો-યુથ રન સવારે ૬ કલાકે ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટથી કરાશે.

● બ્રહ્મ વિકાસ આયોગ આંદોલન સમિતિ દ્વારા ગાંધીઆશ્રમથી ગાંધીનગર સુધી એક વિશાળ રેલી બપોરે ૨ કલાકે નીકળશે.

● ગાંધીનગર શહેર એસ.સી., એસ.ટી., ઓબીસી, લઘુમતી એકતા સંગઠન શકિત અને મેરા ભારત મહાન ફેન કલબના સહયોગથી ધો-૧૦ અને ધો-૧૨માં ઉત્તીર્ણ થયેલ તેજસ્વી તારલાઓનો સત્કાર સમારંભ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન બાબા સાહેબ આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાશે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી સવારે ૯.૩૦ કલાકે રામાજી ઠાકોરના હસ્તે જિલ્લા પંચાયત સે-૧૭ ખાતે કરાશે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સવારે ૮.૩૦ કલાકે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.

## અમરાપુર ખાતે ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક

ગાંધીનગર ગાંધી મિત્ર વર્તુળની દર મહિને નિયમિત મળતી બેઠક ૨૭મી જાન્યુઆરીને શનિવારે સવારે ૧૦ કલાકે ગ્રામભારતી શિક્ષણ સંસ્થા ખાતે મળશે. આ બેઠકમાં જાણીતા કર્મશીલ નિવૃત્ત આઈ.એ.એસ. એચ.બી. વરીયા દ્વારા ‘ગાંધીજીની અહિંસા’ વિષય પર વાર્તાલાપ કરવામાં આવશે. આ માસિક બેઠકમાં સૌ ગાંધીમિત્રોને ઉપસ્થિત રહેવા માટે ગાંધી મિત્ર વર્તુળ દ્વારા નિમંત્રણ છે.

## દુઃખદ અવસાન

કિરીટકુમાર ભાનુપ્રસાદ દાણી (નિવૃત્ત ઉપસચિવ નાણાં વિભાગ)ના ધર્મપત્નિ સ્વ. શોભનાબેન કિરીટકુમાર દાણીનું બેસણું તા. ૨૬-૧-૧૮ના શુક્રવારના રોજ પ્લોટ નં. ૬૭૩/૨, સે-૭-બી ખાતે ૯.૩૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ભૂરીબેન છગનભાઈ ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. હંસાબેન ધીરૂભાઈ પરમાર, ઉ.વ. ૪૫
- સ્વ. ઠાકોર જવાનજી આતાજી, ઉ.વ. ૪૬
- સ્વ. મંજુલાબેન કાન્તિભાઈ ચાવડા, ઉ.વ. ૪૩
- સ્વ. કેશીબેન મણાજી ઠાકોર, ઉ.વ. ૬૦
- સ્વ. રવિન્દ્ર સીતારામ ભીડે, ઉ.વ. ૭૮
- સ્વ. કેશાભાઈ રામાભાઈ પટેલ, ઉ.વ. ૭૯
- સ્વ. પટેલ અવિન્દ્રભાઈ ધનાભાઈ, ઉ.વ. ૫૮
- સ્વ. ત્રિવેદી ઈન્દ્રવદનભાઈ ફકીરચંદ, ઉ.વ. ૪૮
- સ્વ. ધામી સરદાર જોગીન્દરસિંહ, ઉ.વ. ૬૪